વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૬ : અંક - ૨૦ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : ઑક્ટોબર ૨૨, ૨૦૧૮

# "આધારકાર્ડની નિરાધરી દૂર કરવી છે," જાગૃતિબેન

# આધારકાર્ડ કયાં આપવું અને ક્યાં ના આપવું

સરકારે ૨૦૧૩માં આધારકાર્ડની સ્કીમ બહાર પાડી તો સૌ પ્રથમ લેબરકમિશ્નરમાંથી નક્કી થયું, અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડના કામદારોનાં આધારકાર્ડ કઢાવવા અને 'સેવા' સરકાર અને માલિકો સાથે રહીને ન્યુ ક્લોથ માર્કેટમાં અને પાંચકૂવા મહાજનમાં કેમ્પ કર્યા અને ૨૦૦૦ હજાર સભ્યના ઓળખકાર્ડ કરાવ્યા.

'સેવા'એ માથોડા હાથલારી કામદારોથી સંગઠન શરૂ કર્યુ તેમ, સરકારમાં પણ આજ મજૂરોથી આધારકાર્ડ શરૂ કર્યા એટલે 'સેવા'એ અરક્ષિત કામદારોનો હાથ પકડયો. અને તેમને કામદાર તરીકે ઓળખ અપાવી અને આધારકાર્ડ સાથે જોડયા. શરૂમાં તો ઘણી તકલીફ પડી. કોઇની પાસે પૂરાવા ના હોય. જેવા કે, ચૂંટણીકાર્ડ, રેશનકાર્ડ, જન્મના દાખલા આવા અગત્યના પૂરાવા મજુરો પાસે ન હતાં. તે કઢાવવા પણ 'સેવા' એ મદદ કરી એ પૂરાવા જરૂરી હતાં એટલે આધારકાર્ડની સાથે તેમના અગત્યના પૂરાવા પણ મળી ગયા.

આધારકાર્ડનું મહત્વ દરેક જગ્યાએ સરકારમાં કે, પ્રાઇવેટ કોઇ પણ જગ્યાએ આ આધારકાર્ડ એક અગત્યનો પૂરાવો થઇ ગયો છે. કોઇ બેનને બોર્ડમાં કામદાર તરીકે નોંધણી કરાવવી હોય કે, કોઇ સ્કીમમાં સહાય લેવી હોય તો આધારકાર્ડ હોય તો જ મળે એટલે 'સેવા'એ પોતે આગેવાની લઇ ૧૦ વિસ્તારોમાં આધારકાર્ડના મશીનો મુકાવી પૂરા ફેમીલીના આધારકાર્ડ કરાવી આપ્યાં. ત્યાર બાદ આ સ્કીમ ઓચિંતા બંધ થઇ ગઇ એટલે જે સભ્યો બાકી રહી ગયા તે 'સેવા'માં આવવા લાગ્યા પણ બહેનોને શાંતિથી સમજાવી મોકલતા હાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ઝોનલ ઑફિસ પરથી આધારકાર્ડ કાઢી આપે છે.

કોલૅજના છોકરા-છોકરીઓ કહે, કોલૅજમાં એડમીશન લેવા જઇએ એટલે ઑનલાઇન ફોર્મ ભરવાનું હોય અને એમાં આધાર નંબર ફરજીયાત નાખવો પડે નહીતર ઑનલાઇન ફોર્મ આગળ જાય જ નહી. આધારકાર્ડ ફરજીયાત આપવું પડે છે અને આધારકાર્ડ નંબર ને સ્કોર્લશીપ સાથે લીક કરેલ હોવાથી અને સ્કોર્લશીપ ડાયરેક્ટ બેંકમાં જાય. એટલે બેંકમાં આધાર નંબર હોય તો જ એ સ્કોર્લરશીપ આપણા ખાતામાં જાય માટે આધારકાર્ડ ફરજીયાત આપવું પડે છે.

સરકારે રાઇટ ટુ એજ્યુકેશનનો કાયદો બહાર પાડ્યો તેમાં ઓછી આવક ધરાવતા અને ગરીબ બાળકોને ફીમાં ભણાવવાનું તો એમાં જાગૃતિબેનની દીકરી પાંચ વર્ષની થઇ પણ તેનું આધારકાર્ડ ન હતુ અને જાગૃતિબેને પણ પોતાનું આધારકાર્ડ નહી કઢાવેલ તો તેમની દીકરીને સરકારની સ્કીમનો લાભ ના મળ્યો અને ખરેખર એ બેન ત્યકતા હતી તે તેના પિતાના ઘરે રહેતી હતી અને જરૂરીયાતવાળી હતી. આવા કાર્ડની તેમના ઘરની આસપાસ કોઇ સગવડ નહોતી. તેની દીકરી હાલ મ્યુ. શાળામાં ભણવા જાય છે. એટલે ખરેખર જેને જરૂર હોય છે તેની પાસે આવા પુરાવા ના હોય તો આવા લાભથી વંચિત રહી જાય છે. શું એ બેન કહે છે કે, મારી દીકરીને આમા લાભ ના મળ્યો શું કરું આધારકાર્ડના હોવાથી. ''આધાર છતાં નિરાધરી ભોગવવી પડી.''

બહેનો સાથે મિટીગ કરી અને પૂછયું કે, આધારકાર્ડ ન હોય તો આપણાં કામ ન થાય તો એક સાથે બહેનો બોલવા લાગી બેન અમે હમણા જ બાંધકામ વેલ્ફેરબોર્ડમાં સેફટીની તાલીમ લીધી. તેમાં જેના બચતખાતા ન હતા તેમને સ્ટાઈપેન્ડ ના મળ્યું એનું કારણ એ કે બેન પાસે આધારકાર્ડ ન હતું જેથી બેંકમાં ખાતા ન હોતા ખોલાવેલા એટલે બેન તમને શું કહીએ કે, આવકનો દાખલો કઢાવવા હોય તો જાતિનો દાખલો, ચૂંટણીકાર્ડ, ગૃપલોન, રેશનકાર્ડ, પાસપોર્ટ, મહાકાર્ડ દરેક જગ્યાએ આધારકાર્ડ મહત્વનો પૂરાવો ગણાય છે. આટલા બધા પૂરાવા !

બેન જીવતા તો બધે આધારકાર્ડ આપવાનું પણ જ્યારે માણસ મરણ પામે ત્યારે સ્મશાનમાં પણ નોંધણી વખતે આધારકાર્ડ પરથી મરણની નોંધણી થાય છે. નહિ તો ડેથ સર્ટી ના મળે ! મરીને શરીર રાખ થયું એ રાખ જ આધારકાર્ડ છે ને.

કોમલબેન કહે છે, ૧ વર્ષથી લઇ ને વૃદ્ધ લોકોના આધારકાર્ડ કઢાવવા પડે છે એમા જે આપણી ફીગર પ્રીન્ટ લેવાય છે તે બહુ અગત્યની છે એનાથી કાઇ ખોટુ નથી થતું. નાનાં બાળકો પણ મળી આવે છે અને એ બાળક પાંચ વર્ષનું થાય અને શાળામાં એડમીશન લેવાનું હોય અને તેને સ્કોલરશીપ પણ મળે એટલે બેંકમાં ખાતુ ફરજીયાત ખોલાવવું પડે એટલે આધાર તેના માટે અગત્યનું છે. ઘરડા લોકની ફિંગર પ્રીન્ટનો આધાર લેવો બડી મુસીબત છે. તેમના ફીગર જ એટલા ફીસ્સા થઇ ગયેલા હોય છે કે પ્રીન્ટ આવતી નથી.

અમરાઈવાડી વિસ્તારના બહેનો કહે, સરકારની સ્કીમો બધી ળીમાં હોય પણ એમા જે પૂરાવા માગે છે એ તો અમારા જોડે પૂરતા નથી હોતા. એટલે એ પુરાવા કઢાવવા માટે ધક્કા બહુ ખાવા પડે છે અને પૈસાનો ખર્ચ પણ વધારે થાય છે. તમે ઑફિસોમાં ડાયરેક્ટ પૂરાવો કઢાવવા જાવ તો, એક મહિનો ધક્કા ખાવા પડે, દિવસો પાડવા પડે, વાહન ખર્ચ થાય અને સમય પણ અપવો પડે. અને જો કોઇ દલાલને પકડીએ તો અઠવાડિયામાં ઘરે બેઠા પૂરાવો મળી જાય ખાલી મોઢે માગ્યા પૈસા આપવા પડે અને જો પૈસા ન આપીએ તો જાતે ધક્કા ખાવા પડે. આ બન્નેમાંથી એક પણ ના કરીએ તો સરકારી સહાયનો લાભ પણ ના મળે એટલે અમારા જેવા જરૂરીયાતવાળા રહી જાય ને બીજા લાભ લઇ જાય.

જયારે આધારકાર્ડ કઢાવવાનું નિકળેલું ત્યારે આખો દિવસ લાઇનોમાં બેસીને આધારકાર્ડ કઢાવેલ. આ બધી ફરિયાદો સાંભળી આપણે માટે સુપ્રિમકોર્ટે થોડી સુવિધા કરી એ સારું છે.

**કઇ જગ્યાએ આધાર આપવું જરૂરી નથી ?**

૧. બેંકમાં નવું ખાતુ ખોલાવવા માટે,
૨. નવું સિમ કાર્ડ માટે,
૩. જુના અકાઉન્ટ કે સિમ કાર્ડ સાથે પણ લીક કરવાની પણ જરૂર નથી.
૪. ટૂંકમાં પ્રાઈવેટ કંપનીઓ આધાર માંગી શકશે નહી
૫. આખા દેશ લેવલે કોઈ પણ પરીક્ષા જેવી કે NEET, CBSE, UGC વિગેરે માટે આધાર જરૂર નથી.
૬. શાળાઓમાં પ્રવેશ માટે આધારકાર્ડની કોઇ જરૂરિયાત નથી.
૭. શિષ્યવૃતિ માટે આધારને ફરજીયાત કરવામાં આવ્યું નથી.
૮. સરકારી ઓળખપત્રો જેવા કે, પાસપોર્ટ, ડ્રાઈવીગ લાઈસન્સ વિગેરે માટે આધાર ફરજીયાત નથી.

**કઈ કઈ વસ્તુઓ ગેરકાયદેસર ઠરાવવામાં આવી ?**

૧. આધારના મેટાડેટા ના સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો.
૨. સેક્શન ૩૩(૧) તથા સેક્શન ૩૩(૨) ગેરકાયદેસર ગણવામાં આવ્યાં.
૩. સેક્શન ૪૭ કે જેમાં UIDAI સિવાય અન્ય કોઇ નાગરિક કેસ કરી શકતો ન હતો તે જોગવાઇને પણ હટાવી દેવામાં આવી.
૪. ટેલિકોમ કંપનીઓને સંગ્રહ કરેલા આધાર ડેટાને ડિલીટ કરવાનું કહેવામાં આવ્યું.

**કઇ કઇ જગ્યાએ આધાર ફરજીયાત કરવામાં આવ્યું ?**

૧. PAN કાર્ડ બનાવવા માટે,
૨. ઈન્કમટેક્ષ એક્ટના સેક્શન ૧૩૯AA ને બંધારણીય જાહેર કર્યો અને ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરવા માટે આધાર ફરજીયાત કર્યુ.
૩. સરકારી યોજનાઓ તથા સબસિડીનો લાભ લેવા,
૪. નોંધનીય છે કે, સબસિડીમાં શિષ્યવૃતિનો સમાવેશ થતો નથી.

આધારકાર્ડ ક્યા આપવું અને ક્યા નહી એ હવે સમજ પડી ને આધારકાર્ડ માટે લોકો બહુ હેરાન થયા. દરેક જગ્યાએ આધાર વિના ચાલે જ નહી પણ, સુપ્રિમકોર્ટના ચુકાદા પ્રમાણે કયાં આધારનંબર આપવો અને ક્યાં ના આપવો એ સ્પષ્ટતા થઇ હવે શાંતિ.

- રમીલા

❑

## 'આધાર'ને લીંકની જરૂર છે

**સુખી મહિલા સેવા મંડળ**

છોટા ઉદેપુર જીલ્લામાં બેનોને ગામોમાં મોટા ભાગના સભ્યને આધાર કાર્ડ અંગેની એ માહિતી તો છે કે, આધાર કાર્ડ ફરીજીયાત છે. પરંતુ, આધાર કાર્ડ કઢાવ્યા પછી ૨૦થી ૩૦ ટકા લોકોને આધાર કાર્ડ મળ્યા ન હતા, તેથી વારંવાર તાલુકા લેવલ પર ધક્કા પણ ખાવા પડ્યા, ને મીઠો અનુભવ હજી કોઇ ભૂલ્યા નથી.

તાલુકા/ જીલ્લામાં આધાર કાર્ડ કાઢવા માટેનું કામ દેના બેંકમાં આપેલ હોવાથી ખૂબ જ મોટી લાઈનમાં ઉભું રહેવું પડે અને નંબર આવતા ઓફીસ બંધ પણ થઇ જાય (કોઈ કારણસર આધાર કાર્ડ ની સીસ્ટમ બંધ કરી દેવામાં પણ આવી હતી). ત્યારબાદ હાલમાં તાલુકા સેવા સદનમાં આધાર કાર્ડની કામગીરી ચાલુ છે અને મોટા ભાગના સભ્યોના આધાર કાર્ડ કઢાવેલ છે.

હાલમાં આપણી વડલો ઓનલાઈનમાં આધાર નંબર નાખવાના હોવાથી બહેનોને સમજાવીએ છીએ તો આપે છે. પણ એમને એવો ડર છે કે, અમારા આધાર નંબરથી અમારા રૂપિયા –ઉપાડી લેશે. પછી સમજાવીએ છીએ કે, આધાર કાર્ડ નંબર હોય છે પણ તેમના ઘરવાળા પાસે રાખે છે
મોટા ભાગ ના સભ્યોના આધાર કાર્ડ બેંક સાથે લીક નથી હોતા, તો આપણે એવા પણ પ્રયત્ન કરીએ છીએ કે બેનો આધાર કાર્ડ બેંકમાં લીંક કરાવે, કારણ કે, મોટા ભાગે બેનો ના પૈસા નો વહેવાર આધાર કાર્ડ લીંક હોય તો જ થાય છે

> પાટણા ગામ માં કામદાર સિક્ષણ બોર્ડ નો વર્ગ કરવામાં આવ્યો તેમાં નિયમ છે કે આધાર કાર્ડ બેંક સાથે લીક હોય તોજ તેમના ખાતામાં સ્ટાઈપેન્ડ જમા થાય . તો તેમને બાજુ ની ગામ ની બેંક માં ગયા તો આધાર કાર્ડ લીક ના કર્યું તો ફરી કમલાબેન આ બેહનો ને તાલુકા ની બ્રાંચ માં જઈને આધાર લીક કરાવ્યું એટલે બહેનો ને ધક્કા પણ ખાવા પડે તેથી તે જતાં નથી. એટલે આમ જોવા જઈએ તો હવે એમ જણાવવામાં આવે કે અંતરિયાળ વિસ્તાર સુધી પણ બેંક પહોચી છે પણ ત્યાં બધી સુવિધા હોતી નથી તેમને અન્ય કામ માટે મુખ્ય બ્રાંચ માં તો જવું જ પડે છે
>
> — કમળાબેન

બહેનો પાસે આધાર કાર્ડ તો છે પણ ૭૦ ટકા બેનો ના આધાર બેંક સાથે લીક નથી કરાવેલ તો હવે આપણે સેવા થકી આપણા સભ્યો ને માહિતી આપીએ છીએ .

બચત મંડળ માં જોડાયેલ બેનો ને ધીરાણ આપીએ છીએ તે ચેક સીસ્ટમ થી આપીએ તો તે બેનો બેંક માં જાય છે.

**- છાયા**

❑

## નેશનલ ઇન્સ્યોરન્સ વીમો 'સેવા' સહકારી મંડળીની ૧૦મી વાર્ષિક સાધારણ સભા

તા.૨૬-૦૯/૨૦૧૮ના રોજ નેશનલ ઇન્સ્યોરન્સ વીમો 'સેવા' સહકારી મંડળીની દશમી વાર્ષિક સાધારણ સભા 'ચંદા નિવાસ' ખાતે મીરાઇબહેનના પ્રમુખ પદે મળી હતી.

આજના દિવસે વિમોસાથી તરીકે 'સેવા' આપતા જયાબહેને ખુશી વ્યક્ત કરતા એક નાનકડું ગીત ગાઇને સભાની શરૂઆત કરી, જેના બોલ કઇ આ રીતે છે.

ચંદા નિવાસમાં ચાંદલીયો ઉગ્યો રે,
આજ મને સૂરજ થઇ લાગ્યો રે,
રસીયા મોરા... રસીયા મોરા... રસીયા મોરા,
રસીયા મોરા વીમો 'સેવા'માં આવો રે..
સાધારણ સભા ને કાજ રે..
બેની તમે વીમામાં આવો આજ રે..
બેની તમે વીમામાં આવો આજ રે..
સાધારણ સભા ને કાજ રે..
બેની આજ ભોજનીયા લઇશું સાથ રે..
બેની આજ ભોજનીયા લઇશું સાથ રે..
સાધારણ સભા ને કાજ રે..
દશક્રોઇ આવ્યું, ધોળકા આવ્યું, સાણંદ આવ્યું,
મારું તાપી વચમાં બેઠુ આજ રે સાધારણ સભા ને કાજ રે...
ચંદા નિવાસમાં ચાંદલીયો ઉગ્યો રે,
આજ મને સૂરજ થઇ લાગ્યો રે
ગાંધીનગર આવ્યું, અમદાવાદ આવ્યું, સુરત આવ્યું,
મારી બેનુ આજે વિમા લેસે રે...
સાધારણ સભા ને કાજ રે..
ચંદા નિવાસમાં ચાંદલીયો ઉગ્યો રે,
આજ મને સૂરજ થઇ લાગ્યો રે...

સાધારણ સભામાં આવેલ મહેમાનોનું સ્વાગત કરતાં મીરાઇબહેને જુના દિવસોને યાદ કરતાં કે, આપણી નેશનલ ઇન્સ્યોરન્સ વીમો 'સેવા' સહકારી મંડળીની નોંધણી ૭ સપ્ટેમ્બર ૨૦૦૯એ થઇ. ને ભારતમાં બહેનોની પહેલી રાષ્ટ્રીય વીમાની સહકારી મંડળી છે, સાથે-સાથે ''સેવા'' ચળવળની પણ પહેલી રાષ્ટ્રીય મંડળી છે. હાલ આપણે ભારત દેશના ગુજરાત, દિલ્હી, બિહાર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન આ પાંચ રાજ્યોમાં શ્રમજીવી બહેનો તથા તેમના કુટુંબીજનોને વીમો 'સેવા'ની વિવિધ યોજના પહોંચાડીએ છીએ. આપણે આપણા અનુભવો દ્વારા દેશ-વિદેશની બીજી સંસ્થાઓ સાથે કામ તથા નવા જોડાણો કર્યા છે.

૩૧માર્ચ ૨૦૧૮ ના રોજ મંડળીની સભાસદ સંખ્યા ૧૨,૨૨૬ થયા અને ૧૩ સંસ્થાકીય સભ્યો છે. આવેલા ક્લેમ ૧૪૬૫ સભ્યોના છે જેમાંથી કુલ ૧૨૬૩ ક્લેમ મંજુર થયા અને રૂ. ૯૭,૭૬,૯૭૯ ચૂકવ્યા છે.

આ વર્ષનું કુલ પ્રિમિયમ ૨,૧૩,૭૬,૭૪૨ થયું છે. લગભગ વીમોના સભ્યોમાં એક લાખ જેટલી ફક્ત બહેનો છે ને હવે આપણે પગભર થઇ ગયા. વીમોની બીજી ઘણી પ્રોડક્ટ છે જેવી કે, સુખી જીવન મધુર અને મંગલ, લોન માટેના વીમા, સ્વાસ્થ્ય વીમો (કેશલેશ), સુખી જીવન, સ્વસ્થ્ય પરિવાર એફ.ડી. દ્વારા, સરળ સુરક્ષા (રોજગારી ભથ્થું), સ્વાસ્થ્ય પરિવાર, સુખી પરિવાર (ગ્રામ વિકાસ), સ્વાસ્થ્ય વીમા (મેડી શ્યોર) યોજનાઓ છે. આપણે નવી - નવી યોજનાઓમાં બને તેટલા વધારે સભ્યોને જોડીશું. આપણા આગેવાન સાથી બહેનોની મહેનત અને લગનથી મુશ્કેલમાં મુશ્કેલ કામ પણ સરળ બની જાય છે.

વીમો 'સેવા'ના સી.ઇ.ઓ. શ્રીકાંતભાઇએ વાર્ષિક રિપોર્ટ વાંચતા જણાવ્યું કે, શ્રમજીવી બહેનોના જીવનમાં આવવાવાળી આફતોને પહોંચી વળવા આપણે વીમો 'સેવા'ની શરૂઆત કરી. આપણે આપણા સભ્યોને ધ્યાનમાં રાખીને અલગ-અલગ યોજનાઓ શરૂ કરી છે જેમાં આ વર્ષે વીમા ફરીથી લેવાની ઝુંબેશની સાથે-સાથે નવી વાર્ષિક યોજના શરૂ કરી જેનું નામ છે, ''કેશલેસ યોજના''.

'કેશલેસ યોજના' એટલે કે, સભ્ય બહેન અને તેમનો પરિવાર અચાનક આવેલી બિમારી માટે કેશલેસ વીમા યોજનાનું કાર્ડ અને આધાર કાર્ડ લઇને નક્કી કરેલી હોસ્પિટલમાં દાખલ થાય તો વીમાના નિયમ પ્રમાણે તાત્કાલિક સારવાર પણ મળે અને ૫૦,૦૦૦/- સુધીના ખર્ચનું આઇ.સી.આઇ.સી.આઇ. લોમ્બાર્ડ વીમા કંપની દ્વારા સીધું હોસ્પિટલને ચુકવણું થાય. એટલે કે... સભ્યએ ફક્ત 'બિમારી લઇને હોસ્પિટલમાં જવાનું ને તંદુરસ્તી લઇને ઘરે આવવાનું'.

આ નવી કેશલેસ યોજનામાં ૧,૫૧૦ પોલીસી અને ૨૦,૩૮,૫૦૦ સુધીનું પ્રીમીયમ ફેબ્રુઆરી ૨૦૧૮માં લાવી શક્યા. જેનાથી પોલીસી, સભ્ય સંખ્યા અને પ્રીમીયમમાં ઘણો વધારો થયો.

છુટી ગયેલા સભ્યોને ફરી જોડવા સતત સંપર્કમાં રહેવાથી સારી 'સેવા'ઓ અને સમયસર ક્લેમ આપવામાં મદદ થાય છે.આ સંદર્ભમાં અગાઉ જે સભ્યો આપણી સાથે જોડાયેલ હોય તે સભ્યોને એસ.એમ.એસ. દ્વારા જાણ અને દરેક સભ્યને ફોન પર યાદ કરાવીને એને વીમોસેવામાં જોડી શક્યા છીએ. આ પ્રયાસથી જૂના સભ્યોના જોડાવાવા દરમાં પણ ખાસો વધારો થયેલ તથા સભ્યોને પણ ખરેખર યોજના બાબત સાચી માહિતી મળેલ છે. ઘણાં સભ્યોએ એની બંધ પડેલી પોલીસી પણ ચાલુ કરાવી છે ને હજુ વધુ ને વધુ આપણી વિમો ઝુંબેશને આગળ વધારીશું.

વીમો આગેવાન આશાબહેન અજમેરીએ આનંદ અને ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું કે, આપણી વીમો મંડળીને રજીસ્ટર્ડ થયે ૧૦ વર્ષ પૂરા થયા છે તેની AGM કરી રહયાં છીએ તેની વાત અમે મીરાઇબહેન સાથે કરી રહયા હતા ને મેં કહયું કે આવતાં થોડાક વર્ષોમાં આપણે આપણી વિમા કંપની બનાવીશું ને કંપનીની AGM કરીશું. આના પર મેં એક શાયરી બનાવી છે જે હું કહી સંભળાવું છું.

ના થકે હૈ કભી પેર, ના થકે હૈ કભી પેર
ના કભી હિમ્મત હારી હૈ
ના થકે હૈ કભી પેર, ના કભી હિમ્મત હારી હૈ
ઝઝબા હૈ પરિવર્તન કા જિંદગી મેં
ઇસીલીયે 'સેવા' કા સફર ઔર વિમો 'સેવા' કા સફર જારી હૈ
મન સભી કે પાસ હૈ દોસ્તો,મન સભી કે પાસ હૈ દોસ્તો
મગર મનોબલ 'સેવા' ઔર વિમો 'સેવા' કે પાસ હી હૈ.

**શ્રમજીવી બહેનોની વીમોની વાતો :**

મારું નામ શકીબહેન બાબુલાલ. હું સાણંદ તાલુકાના વિછિયા ગામથી આવું છું. વર્ષોથી દાયણ તરીકે કામ કર્યુ ને વિમો સાથે પણ કામ કરું છું. હવે થોડી બિમારી ને લીધે દાયણનું કામ વધુ નથી કરી શકતી. પણ છતાય તે વિમો 'સેવા'ના સાથ અને સહકાર ને લીધે હજુ બધા કામમાં દોડી શકુ છું. મેં અમારા બાજુના ગોકુળપુરા ગામનાં કનુભાઇનો 'સરળ સુરક્ષા'નો વિમો લીધો હતો, બે વર્ષ રીન્યુ કરાવ્યો. તેમનાં કુટુંબમાં તેમના પત્નિ અને બે નાના બાળકો છે. એક દિવસ તેઓ ખેતરમાં પાણી વાળવા ગયા હતાં ને, કંઇક ઝેરી જીવાત કરડવાથી તેમનું મોત થયું હતું. આ વાત જાણી મને ખૂબ દુઃખ થયું. તેમના પરિવાર પર અચાનક આવેલી આફતને તો નથી રોકી શક્યા પણ, વિમો 'સેવા'ની યોજનાથી આપણે એક લાખ દશ હજાર ક્લેમ પેટે તેમને ચૂકવ્યા છે.

નરોડા વિસ્તારમાં રહેતા મધુબેન સોમાભાઇ મકવાણા કહે છે, અમારો વિસ્તાર એકદમ સ્લમ વિસ્તાર. અમને વિમા વિશેની કોઇ માહિતી કે સમજ નહોતી. ૨૦૧૦માં હું વિમોમાં જોડાઇ ત્યારથી મારા પરિવારનું કોઇ પણ વિમો લીધા વિના બાકી નથી 'ભાગ્ય લક્ષ્મી', 'સરળ સુરક્ષા' અને દરેક વખતે હું 'ધમાકા' ઑફરમાં આવું છું અને વિમાના દરેક કામ કરું છું. દર વર્ષે નવું પ્રિમિયમ ત્રણ હજાર ભરું છું. એની સાથે હું ઘરનું કામ અને 'સેવા' બેંકનું પણ કામ કરું છું.

- મેં અનિતા વર્મા મધ્ય પ્રદેશ કે ઇન્દોર જિલ્લા કા મહુ બ્લોક સે આઇ હૂં. ગાવ મેં ખેત-મજદૂર, તેંદુપત્તા તોડને વાલે કામદાર, મકાન કર્મકારી કામદાર ઔર બીડી કામદારો કા સંગઠન કા ઔર વીમો લેને કા કામ કરતી હૂં. છોટે છોટે ગાવ જા કર કે યે સાલ મેને એક સો સદસ્ય કો વીમા કે સાથ જોડા હૈ. હમારે સંગઠન મે ૩૫૦ લાખ સદસ્ય હૈ.
- ઉજ્જૈન, એમ. પી. સે સુમન દેવી 'સેવા' સૂચના કેન્દ્ર ('સેવા' શક્તિ કેન્દ્ર) ચલાતી હૂં ઔર આગેવાન બેન ભી હૂં. મેં વિમો કા કામ ભી કરતી હૂં.
- મેં ગાયત્રી દેવી મુંગેર, બિહાર સે આઇ હૂં, વિમો કા કામ કરતી હૂં સાથ હમ સોલર લાઇટ કા કામ કરતે હૈ.
- મારું નામ લતાબહેન ગામીત, હું તાપી જિલ્લામાં 'શ્રી તાપી જિલ્લા મેઘા આદિવાસી ખેત ઉત્પાદક મહિલા

સહકારી મંડળી લિ.ની પ્રમુખ છું અને વીમો સાથી તરીકે પણ કામ કરું છું. આપણી મંડળી વ્યારા, વાલોળ, સોનગઢ, ઉછળ અને નિર્જર એમ પાંચ તાલુકામાં આદિવાસી ખેડૂત બહેનોનું સંગઠન કરે છે. આ વર્ષે મેં ૫૦ જેટલા બહેનોને જીવન મધુર વીમા યોજનામાં જોડયા છે અને પાંચ વર્ષમાં ૨૫૦ જેટલા સરળ સુરક્ષામાં વિમો યોજનામાં સભ્યોને જોડયા છે.

- જશીબહેન પટણી કહે છે હું મચ્છી વેચવાનું કામ કરું છું અને સાથે સાથે વીમો લેવાનું પણ કામ કરું છું. આ વર્ષે ૩ લાખ રૂપિયા પ્રિમિયમ ભર્યુ છે મારે ૫ લાખે પહોંચવાનું હતું પણ હવે અવતા વર્ષે પહોંચીશ.

મંડળીના હિસાબનું સરવૈયું શીતલબહેને વાંચી સંભળાવ્યું અને સર્વસંમતિથી મંજુર રાખવામાં આવ્યું.

સાધારણ સભામાં આવેલા સભાસદોને ધન્યવાદ માનતા પ્રમુખ શ્રી કહે કે, આજની મિટીંગમાં ઘણી વાતો થઇ જે હું ફરી કહી ને ઉમેરવા કહેવા માગુ છું. જેમ આશાબહેને કહયું કે, આપણે કંપની બનાવવી છે. આપણા ઈરાદા અને સપના બુલન્દ છે ઇન્સાહ-અલ્લાહ આપણે ત્યાં પહોંચીશું આગળ ના દિવસોમાં. એક મુશ્કેલી એ આવે છે કે, જ્યારે હું મુંબઇ-દિલ્હી જાઉ છું ત્યારે આપણા સપના અને બુલન્દ ઈરાદા લઇને જાઉ છું ત્યારે એક જ વાત વારંવાર આવતી હોય છે કે, તમે લોકોએ ગુજરાતમાં તો ખૂબ સારા કામો કર્યા છે પરંતુ, બીજા રાજ્યોમાં અને હિન્દુસ્તાનનાં બીજા ખુણાઓમાં પહોંચ્યા નથી. હજુ પણ આપણી સભ્ય સંખ્યા એક લાખ છે તો દશ લાખ કે એક કરોડ બહેનો સુધી તમે ક્યારે પહોંચશો ? આ સવાલ આપણી સામે વારંવાર આવ્યા કરે છે. જેમ શ્રીકાંતભાઇ એ કહયું કે, આપણે નક્કી કર્યુ છે આ વર્ષે આપણે કોઇ નિશ્ણાંતો સાથે બેસીશું જેમની પાસે આવા ઘણા અનુભવો છે તેમની પાસે સલાહ લઇશું. વળી ગુજરાતની સાથે મધ્યપ્રદેશ, બિહાર, રાજસ્થાન, દિલ્હી બીજા પણ રાજ્યોમાં આપણે આપણુ કામ કેવી રીતે આગળ વધારી શકીએ તેના માટે વિચારીશું. ને માત્ર વિચારીશું જ નહી પણ, આપણુ કામ આગળ વધારીશું. જેમા આપ સૌ બહેનોનો સાથ અને સહકાર જોઇશે. ને અંતે સૌએ 'અમે પાર કરીશું ...' ગીત ગાઇને છૂટા પડયા.

- **ગોમતી**

❑

# 'સેવા' શક્તિ કેન્દ્ર

સામાજીક સલામતિ માટે સરકારની ઘણી બધી યોજનાઓ છે પરંતુ, તેને મેળવવા માટેની પ્રક્રિયા અને જરૂરી પુરાવાઓ ખૂબ આંટી ઘૂંટી ભર્યા હોય છે જેનાં કારણે વધુ જાણકાર લોકો એજન્ટને રૂપિયા આપીને પુરાવા મેળવી લે છે અને યોજનાઓનો લાભ મેળવે છે. જ્યારે ખરેખર જરૂરિયાત વાળા લોકો પોતાની પાસે સમજણ અને સમયના અભાવે યોજનાઓના લાભથી વંચિત રહી જાય છે.

આવા જરૂરિયાત વાળા સભ્યો પોતાના હક અને અધિકાર વિશે સાચી જાણકારી મેળવી શકે તેના માટે 'સેવા' શક્તિ કેન્દ્ર' દ્વારા સરકારની વિવિધ સેવા અને વિવિધ વિભાગોના સંકલન દ્વારા તેમની 'સેવા'ઓ પહોંચાડવામાં કડી રૂપ બને છે.

'સેવા શક્તિ કેન્દ્ર' દ્વારા લક્ષ્મીબહેનનું ઘણા બધા સંઘર્ષ બાદ તેમના મામલતદારના સહી સિક્કાવાળું આવકનું પ્રમાણ પત્ર, રાશન કાર્ડ, વિધવા સહાય અને વાત્સલ્ય કાર્ડ બનાવડાવ્યું તેમનો પોતાનો અનુભવ જોઇએ તો,

સુરત જિલ્લાના પાંડેસર તાલુકાના લક્ષ્મીનગરમાં રહેતાં, નામ કૌશલ્યાબહેન કાબેરી વરાડે. ઉંમર ૫૮ વર્ષ. કૌશલ્યાબહેન એક નાની ફેક્ટરીમાં કામે જાય છે. એમનું માસિક વેતન ૪૫૦૦થી ૫૦૦૦ રૂા. જેટલું છે. પરંતુ, આ કામ વર્ષમાં ૭ થી ૮ મહિના જ મળે છે. તેઓ ભણેલા નથી. તેમના પિત ગુજરી ગયા છે ને બાળકો પણ નથી.

તેમનું એક નાનું ઘર છે. જેમાં નથી ખુરશી કે નથી ખાટલો. અને શૌચાલય પણ કોમનમાં છે. આ શૌચાલયનો ઘણાં લોકો ઉપયોગ કરે છે. ઘર પતરાનું છે. જેથી વરસાદમાં તકલીફ થાય છે. ઘર બહુ સારું નથી. બસ, જેમતેમ કામ ચાલી શકે તેવું છે. અને ભાડાનું છે. ઘરનું ભાડું ૧૨૦૦ રૂા. છે. ઘરમાં ગેસ નહિ પણ સ્ટવ છે. જેની પર ખાવાનું બેને છે. ટી.વી.વગેરે છે. બહેનની પાસે આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, આવકનો દાખલો છે.

કૌશલ્યાબહેને કોઇ જ સરકારી યોજનાનો લાભ લીધો નથી. હમણાં વિધવા-સહાય માટેનું બહેને ફોર્મ ભર્યુ છે. થોડા મહિનાઓથી જ તે 'સેવા' સાથે જોડાયા છે.

માર્ચ ૨૦૧૮ની વાત છે. લક્ષ્મીનગરમાં જનસંવાદ થઇ રહયો હતો. જેમાં, બમરોલીના તલાટી બહેન આવ્યા હતા. તેઓ આવકના દાખલા માટે વાત કરી રહયા હતા. જે સભ્યો હતા તે લોકો ગુજરાતની બહારના હતા. આવકનો દાખલો લેવા માટે રાશનકાર્ડનું હોવું જરૂરી છે. બહેનોએ સવાલ કર્યો કે, અમારી પાસે રાશન કાર્ડ જ નથી તો અમે કેવી રીતે બનાવીએ. તલાટી બહેને જણાવ્યું કે, જો બહુ જ અરજન્ટ હશે તો અમે આવકનો દાખલો બનાવી આપીશું. જેમ કે, કોઇ વિધવા બહેન હોય, કોઇ નિરાધાર હોય તો. ત્યાં કૌશલ્યાબેન (વિધવાબેન) હતા. એમની તરફ ઈશારો કરીને બહેનોએ કહયું કે, આ બહેન વિધવા છે, નિરાધાર છે. તમે એમના માટે કંઇક કરજો. તલાટીબેને કહયું કે, થઇ જશે. પણ બીજા બેનો ના બોલ્યા કે, અમારે પણ જોઇએ. બહેનોએ કહયું કે, અમને નહિ જોઇએ. કૌશલ્યાબહેનને લાભ મળે. તમે કંઇ પણ કરો, એમનું વિધવા પેન્શન ચાલુ થાય તેવું કરો. તલાટીબેને કહયું કે, સારું. તેમના બધા જ પુરાવા અને ભાડા કરાર લઇને આવો. અને તમે બધા સાક્ષી પણ બનજો. બહેનોએ કહયું કે, હા.

કોઇ ભાડા કરાર આપવા માટે તૈયાર ન હતા. પણ ગોદાવરીબહેને કહયું કે, અમે આપીશું. ગોદાવરીબહેન તલાટીની પાસે ગયા. એમણે કહયું કે, કૌશલ્યાબહેન માટે રાશનકાર્ડ જરૂરી છે. ગોદાવરીબહેન કૌશલ્યાબહેનને લઇને કોર્ટ ગયા. રાશનકાર્ડ

Estd. 1974

Reg. No.: S 12446

# શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.

: મુખ્ય શાખા :

૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ००૬

ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭ ઈ-મેલઃ- mail@sewabank.com

સાઈટઃ- www.sewabank.com

## શાખાઓ ● બહેરામપુરા ● રખિયાલ ● માધુપુરા ● વાસણા ● ગાંધીનગર ● સાણંદ ● રાણીપ ● લાંભા ● મહેસાણા ● નડિયાદ ● હિંમતનગર ● વડોદરા

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા તરફથી “અ” વર્ગ ધરાવતી બેંક

| ડિપોઝિટ પર નો વ્યાજ દર | સમયગાળો |
|---|---|
| | વાર્ષિક વ્યાજ દર |
| ૯૦ દિવસ થી ૩૬૪ દિવસ સુધી | ૫.૦૦% |
| ૩૬૫ દિવસ થી ૩ વર્ષ અંદર | ૬.૭૫% |
| ૩ વર્ષ થી ૫ વર્ષ અંદર | ૭.૦૦% |
| **૫ વર્ષ થી ઉપર** | ૭.૫૦% |

સીનીયર સીટીઝનને ૦.૨૫% વધારે વ્યાજ મળશે.

### સેવાઓ

- ☐ **RTGS/NEFT?**
- ☐ **SMS ?**
- ☐ સ્ટેમ્પ ફ્રેન્કીંગ?
- ☐ ડિમાન્ડ ડ્રાફ્ટ?
- ☐ **Doro-to-Doro Service?**
- ☐ **PAN Card?**
- ☐ મોબાઈલ વાન?
- ☐ કેશ
- ☐ ડીપોઝીટ મશીન?
- ☐ પાસબુક પ્રિન્ટીંગ મશીન?
- ☐ **RuPay** ડેબિટ કાર્ડ

### બેંકની વિશેષતાઓ:

- ૪૪ વર્ષથી કાર્યરત છે જે શરૂઆતથી જ ઓડિટ વર્ગ ‘અ‘ ધરાવે છે.
- બેંકની તમામ શાખાઓ કોર બેન્કિંગ (**CBS**) સોફ્ટવેરથી જોડાયેલ છે.
- દર વર્ષે નફો કરે છે અને અત્યાર સુધી ૯% ડીવીડન્ડ શેરહોલ્ડર્સને આપેલ છે.
- જીવનચક્રમાં જયારે જયારે જરૂર પડે ત્યારે નાણાં મળી રહે તે માટે ખાસ પ્રકારની રીકરીંગ બચત યોજનાઓ.
- પેન્શન યોજનાઓ અને વીમા યોજનાઓ શ્રમજીવી બેહેનો માટે લાભદાયક.
- અલગ અલગ પ્રકારની લોનો જેમકે દાગીના લોન, ધંધા માટે, માલ-સ્ટોક હાઈપોથીકેશન, દેવું ચૂકવવા, રીકરીંગ તથા ફિક્સ ડીપોઝીટ ઉપર લોન, વાહન ખરીદવા, વગેરે વગેરે.

માટે જરૂરી સોગંધનામુ તૈયાર કર્યુ. (આટલા દિવસોથી આપણે કેમ ન્હોતુ બનાવડાવ્યું.) આવું લખાવ્યું પછી એક ભાડા કરાર કરાવ્યો. કેમકે, પોતાનું મકાન નથી. પછી એ લઇને ઝોનલ ઓફિસ ગયા. ફોર્મ લાવ્યા અને ફોર્મ ભરીને જમા કરાવ્યું. બે થી ત્રણ વખત ગયા પણ એમનું રાશનકાર્ડ ન્હોતુ મળી રહયું. પછી અમને એવું જણાવવામાં આવ્યું કે, ચિઠ્ઠી લઇને જશો તો જલ્દીથી બની જશે. પછી ગોદાવરીબહેન જઇને મોટેથી બોલ્યા ત્યારે રાશનકાર્ડ મળ્યું.

જ્યારે વિધવા-સહાયનું ફોર્મ ભરવા માટે ગયા તો બહેનના પતિનો મરણનો દાખલો ન હતો. અને દાખલા વગર ફોર્મ ના ભરી શકીએ. તેથી અમે મંગલાબહેનને વાત કરી. મંગલાબહેને કહયું કે, એમનું નિરાધાર પેન્શનનું ફોર્મ ભરી દો. નિરાધારનું ફોર્મ ભરવા માટે તેમની ઉંમર ૬૦ વર્ષથી વધારે હોવી જોઇએ. કૌશલ્યાબેનની ઉંમર રાશનકાર્ડ અને આધારકાર્ડમાં પણ ૫૮ વર્ષ છે. પછી મંગલાબહેને વાત કરી કે, ઉંમર ઓછી છે. નિરાધારનું ફોર્મ ભરવા માટે ઉંમરનો દાખલો જોઇએ. જ્યાં ઉંમરનો દાખલો મળે છે, ત્યાં જાઓ. એમને અરજ કરો કે, આ માજીનું કોઇ નથી તો બનાવી દેશે.

વિધવા પેન્શનનું ફોર્મ ભરવા માટે મરણનો દાખલો કઢાવવા કૌશલ્યાબહેન અને ગોદાવરીબહેન સ્મશાનમાં પણ ગયા. ત્યાંથી પણ કશું જ ના મળ્યું. જ્યારે અમે એમને મળવા ગયા તો, મને તો સ્મશાન જવાની વાત કરી પણ અમે એમને સિવિલ હોસ્પિટલ જવાની વાત કરી. અમે સિવિલમાં આર.એમ.ઓ.ની ઓફિસમાં ગયા. ત્યાં અમે વાત કરી પણ પુરાવામાં ઉંમર ઓછી હોવાને કારણે ના થઇ શક્યું. પછી અમે વિચાર્યુ કે, જ્યાંથી મરણની રસીદ બને છે, એ અધિકારીને મળીએ. પણ મને ખબર જ નહિ કે, મારા પતિની મૃત્યુ કઇ તારીખે, કયા મહિનામાં અને કયા વર્ષમાં થયું છે. ફક્ત એટલી જ ખબર હતી કે, હોળીના અમુક દિવસોમાં જ થયું હતું.

કૌશલ્યાબેનના પતિનું મૃત્યુ થયું ત્યારે એ સમયે ગોદાવરીબેનની દિકરીના લગ્ન હતા. પણ એ ખબર ન હતી કે, કયા વર્ષમાં લગ્ન થયા હતા. પછી અમે એમની દિકરીને ફોન લગાવ્યો. અમે બધી વાત કરી. તેણે અમને માહિતી આપી. આ જાણકારી લઇને અમે ડોક્ટરની પાસે ગયા.

ડોક્ટરે સાફ કહયું કે, અમારા ત્યાંથી બે રસીદ નીકળે છે. જે અમે એક સદસ્યને આપીએ છીએ અને એક ઝોનલ ઓફિસમાં આપીએ છીએ. એટલે અમે કશું જ ના કરી શકીએ. જો ઝોનલ ઓફિસવાળા કહે કે, અહીયા નથી. અમે જોઇશું. અમે ઝોનલ ઓફિસમાં ગયા. ત્યાં જણાવ્યું કે, અમને તારીખ, મહિનાની ખબર નથી. પણ અમારે બહેનની મદદ કરવી છે. તેઓએ કહયું કે, ફોર્મ ભરીને આપી દો. ૨૦૦૫ નું ફોર્મ ભરીને આપ્યું. એમણે કોમ્પ્યુટરમાં ચેક કર્યુ તો ના મળ્યું. ૨૦૦૬, ૨૦૦૪ માં પણ જોયું પણ ના મળ્યું. તેઓએ કહયું કે, સિવિલ જાઓ અને ત્યાં જઇને ફલાણા ભાઇને મળજો. અને એક ચિઠ્ઠી લખીને આપી. અમે પાછા સિવિલમાં ગયા. અને જતીનભાઇને મળ્યા. તેઓ એ કહયું કે, કાલે આવજો અમે શોધીને રાખીશું.

બીજા દિવસે અમે ગયા તો એ ભાઇએ અમને શોધીને આપ્યું. ફરીથી ઝોનલ ઓફિસમાં ગયા અને મરણનો દાખલો કઢાવીને લાવ્યા. બીજા દિવસે તલાટીના સહી સિક્કા કરાવ્યા. ધારાસભ્ય પાસેથી આવકનું પ્રમાણપત્ર લઇને આવ્યા. અને એમનો આવકનો દાખલો કઢાવ્યો.

આવકનો દાખલો લઇને ફરીથી તલાટીની પાસે ગયા. બે સાક્ષી પણ સાથે લઇને ગયા. અને એમનું વિધવાનું ફોર્મ ભરી દીધું. સહી વગેરે પણ થઇ ગયું. હમણાં રાશનકાર્ડની ઓફિસમાં જઇને બહેનનું રાશન કાર્ડ કરાવવા માટે રાશનનું ફોર્મ ભરાવ્યું. અને વાત્સલ્ય કાર્ડનું પણ ફોર્મ ભર્યુ.

આ બધા કામ માટે ગોદાવરીબેને હંમેશા કૌશલ્યાબેનની મદદ કરી. હંમેશા તેમના પડખે ઉભા રહયા.

આ જ તો સંગઠન છે !!!

**- સંગીતા મોરીયા**
આરોગ્ય સેવિકા

❑

# મીઠાના અગરની કાળી મજુરીથી સોલાર પાર્ક તરફની કુચ!!! રણમાં રોજગારીની નવી દિશા મળી !!!!

આમ તો આપણે 'સેવા'ના મીઠા કામદાર બહેનોના સંઘર્ષ વિષે અવાર-નવાર વાંચતા હોઈશું. તેમની દયનીય પરિસ્થિતિને આવા અફાટ ધોળા રણમાં કોણ સાંભળે ? 'સેવા'એ તેમને વાચા આપી અને તેમને સંગઠનમાં જોડ્યા. ત્યાર પછી ક્યારેય પાછુ વાળીને જોયું નથી. ઘણા બધા સંઘર્ષોની વચ્ચે ''ના ડગીએ અમે ના ડગીએ'' ! ગીતને મનમાં રાખી પા....પા.....પગલી ભરતા જ ગયા અને ભરતા જ ગયા. આપણા માટે આનંદ અને ગૌરવની વાત એ છે કે, આજે આ અગરિયાઓ સોલાર પેનલથી રણમાં વીજળી પેદા કરી સરકારને આપી તેમાંથી આવક મેળવવા તરફ કૂચ કરી રહ્યા છે. સૌ પહેલાં તો આ ૧૧૦૦ બહેનોને અભિનંદન અને ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપીએ.

કચ્છના નાના રણમાં ૩૦ હજાર મીઠા કામદાર બહેનો છે જે આઠ મહિના રણમાં રાત-દિવસ મજૂરી કરે છે અને ૫૦૦ થી ૬૦૦ મેટ્રિક ટન મીઠું પકવે અને તેના ૧૪૦ રૂ. થી ૧૮૦ રૂ. ટનના ભાવ મળે છે તેમાં તેમનાં રૂપિયા ૮૦,૦૦૦ તો ડિઝલનાં ખર્ચમાં જ જતા રહેતા. કોઈએ સાચું જ કહ્યું છે કે, મુસીબત હંમેશા તક લઇને આવે છે, ઝડપતાં આવડવું જોઈએ. ડીઝલ ખર્ચ બચાવવા સોલાર ટેકનોલૉજી લઈને પાંચ અગરિયાને આપી ને તેની અસરો જોઈ, એટલી અસરકારક રહી કે, પાંચમાંથી ૧૧૦૦ અગરિયા સુધી પહોંચ્યા, જેમાં તેમને ધિરાણ આપવું પડ્યું, સરકાર સાથે સતત સંકલન કરી સબસીડી અપાવી. આપણે દર અઠવાડિએ તેમના હક્કો માટે સરકારી વિભાગોમાં અધિકારીઓ સાથે અને મંત્રીશ્રીની ઓફિસમાં જઇને રજૂઆત કરીએ છીએ. આપણે છેલ્લા છ-આઠ મહિનાથી સોલારપાર્ક બનાવી વીજળી ઉત્પન્ન કરી

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
22-10-2018

સરકારને આપવા માટે રજૂઆત કરતા હતાં.

'સુરેન્દ્રનગર મહિલા અને બાલ વિકાસ મંડળ' સોલર પાર્ક બનાવવા માટે જગ્યા ક્યાં હશે ? પૈસા ક્યાંથી આવશે ? ખર્ચો કેટલો થશે ? કેટલા વરસ સુધી 'નહી નફો નહી નુકસાન'ના ધોરણે કામ કરવું પડશે ? પગભર કયારે થવાશે ? વગેરે બાબતે બીઝનેસ પ્લાન બનાવીને તૈયાર રાખ્યો હતો. આ બધું જોતા ગુજરાત સરકારે સ્પેશિયલ કેશમાં મંજૂરી આપી. અને યુનિટ દીઠ ૩.૫૦ પૈસાની મંજુરી આપી. હાશ ! આટલેથી પતી ગયું એમ માનીને ખુશ થવાનું એમ નહી પણ હજી બીજી પરીક્ષામાંથી પાસ થવાનું હતું, તે એ કે છેલ્લી મંજુરી તરીકે MOU તૈયાર કરતાં પહેલાં ગાંધીનગર ગિફ્ટસિટીમાં Gujarat Electricity Regulatory Commissionની ઑફિસે જઈ પીટીશન ફાઈલ કરવાની અને ત્રણ જજ ની પેનલ સામે રજૂઆત કરવાની. આ માટે ફક્ત ૧૦થી ૧૫મિનિટ જ મળે. પણ મીઠાકામદાર બહેનો ડરી નહી.

સુરેન્દ્રનગરના રાજપર ગામના દેવુબેન જ્યંતિભાઇ રાઠોડ કહે, ''સાહેબ તમે રણમાં એક્વાર આવો અને અમારી પરિસ્થિતિ જુવો કે કેટલી મુશ્કેલીમાં અમે જીવીએ છીએ, આ તો અમે સેવા સંગઠનમાં જોડાયા તો આટલા આગળ વધ્યા અને આજે અમને એક આશા બંધાણી છે સૂર્યના કિરણો અમારા માટે સોનાના કિરણ બનીને આવ્યા છે અને અમારા પરિવારોનું જીવન સુધાર્યું છે. અમને સોલાર પાર્કની મંજુરીની સાથે સાથે યુનિટ દીઠ ૧૦થી ૧૨રૂપિયા આપો તો સારું. બીજી કંપનીઓ પોતાની કમાણી માટે સોલાર પાર્ક બનાવે છે, જ્યારે અમારે 'સેવા' તરીકે આમાંથી કાઈ કમાવાનું નથી પણ, મીઠા કામદાર બહેનોને એક નવી રોજગારીની તક મળે અને તેમના કુટુંબનું જીવન ધોરણ સુધરે એ છે.''

બહેનની વાત ત્રણેય જજે બહુ જ સરસ રીતે સાંભળી ને જણાવ્યું હતું કે, તમને સરકારે રૂપિયા ૩.૫૦ લેખે યુનિટના ભાવ મંજુર કર્યા છે એટલે તેનાથી વધારે અમે મંજુર ના કરી શકીએ પણ અમે તમારો કેસ મંજુર કરીએ છીએ. તમે આગળની કાર્યવાહી ચાલુ કરી શકો છો. યુનિટ દીઠ વધારે પૈસા મળે એ માટે તમારે સરકારમાં રજૂઆત કરવી પડશે.

આ મંજુરી મળતા 'સુરેન્દ્રનગર મહિલા અને બાલ વિકાસ મંડળ'ના જિલ્લા સંચાલક હીનાબેને જણાવ્યુ કે, અમારી આ સફળતામાં રીમાબેને સતત અમારી સાથે સંકલનમાં રહીને ૧૧૦૦બહેનોની ૯૫૦૦સોલાર પેનલ મીઠાની સીઝન પૂરી થાય પછી શું ઉપયોગમાં લઈ શકે ને તેના થકી રોજગારીની તક ઉભી કરી શકે તેના માટે અમારી જિલ્લાટીમ સાથે સ્વાધ્યાય કરતાં અને તેમના સૂચન મુજબ અમે ગાંધીનગર જઇ ને ફોલો-અપ કરતાં હતાં ત્યારે જ એક વર્ષ જેટલાં ટૂંકા ગાળામાં જ મીઠા કામદાર બહેનો માટે સોલાર પેનલની ૮૦% સબસિડી મંજુર કરાવી અને સોલાર પાર્ક પણ મંજુર કરાવી શક્યા.''

સેવા સંગઠન જિન્દાબાદ !! હમ સબ એક હૈ !!!

- હિના

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **22-10-2018**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]